અપીલ અરજી નં.૩૫૬ તા.૨૧–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૧–૧–૧૧ ની અરજીથી (૧) નોંધ નં.૧૨/૨૬૬૭ વાંકી બોરડીની સામેની ગલીમાં ડો.અશોક આર.ગજ્જર અને ડો. જીજ્ઞેશ આર.ગજ્જર ફીઝીશ્યન અને સર્જનનું બોર્ડ લગાવીને ડોકટર તરીકેની કલીનીક ખોલી દર્દીઓની સારવાર કરે છે જેથી આ બંને ડોકટરોના મેડીકલ અને ફીઝીશ્યન , સર્જનની માહિતી અને સર્ટીફીકેટની નકલ. (૨) આ ડોકટરો ધ્વારા એક દર્દીને ઈન્જેકશન આપવાથી ગેગરીન થઈ ગયેલ અને તે દર્દીને લોખાત હોસ્પિટલ રામપુરામાં સારવાર આજ ડોકટર ધ્વારા તેમના ખર્ચથી કરવામાં આવેલ છે જે અંગેની માહિતીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૧–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૬/૨૦૧૦–૧૧

શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયાની તા.૨૧–૧–૧૧ ની અરજીથી (૧) નોંધ નં.૧૨/૨૬૬૭ વાંકી બોરડીની સામેની ગલીમાં ડો.અશોક આર.ગજ્જર અને ડો. જીજ્ઞેશ આર.ગજ્જર ફીઝીશ્યન અને સર્જનનું બોર્ડ લગાવીને ડોકટર તરીકેની કલીનીક ખોલી દર્દીઓની સારવાર કરે છે જેથી આ બંને ડોકટરોના મેડીકલ અને ફીઝીશ્યન , સર્જનની માહિતી અને સર્ટીફીકેટની નકલ. (૨) આ ડોકટરો ધ્વારા એક દર્દીને ઈન્જેકશન આપવાથી ગેગરીન થઈ ગયેલ અને તે દર્દીને લોખાત હોસ્પિટલ રામપુરામાં સારવાર આજ ડોકટર ધ્વારા તેમના ખર્ચથી કરવામાં આવેલ છે જે અંગેની માહિતીની નકલ આપવા બાબતે ઈ.ચા.ડે.કમિ. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.પીએચડી/આ.અ/પીઆઈ/૪૨૯ તા.૩–૨–૧૧ થી આપેલ માહિતી બેદરકારી ભરેલ અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા સાથે જાહેર માહિતી અધિકારી આરોગ્ય ખાતા તરફથી લાગત વિભાગને તબદીલ થયેલ છે કે કેમ? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૪૮ તા.૨૮–૨–૧૧ થી ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીના દાવાના સમર્થનમાં જો કોઈ આધાર પુરાવા હોય તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથીપત્ર નં.પીએચડી/આઅ/પીઆઈ/૪૬૭ તા.૭–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૦૧ તા.૨૪–૧–૧૧ ના રોજ તબદીલ થયા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી મેડીકલ સુપ્રિ. લોખાત સાર્વજનિક હોસ્પિટલ, રામપુરા, સુરતને નં.પીએચડી/આઅ/પીઆઈ/૪૨૮ તા૩–૨–૧૧ ના રોજ પાઠવેલ પત્રની નકલ તથા તેને આરપીએડી કર્યા અંગેના પુરાવાની નકલ, જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી અરજદારને આપેલી માહિતી અંગે જાવક નં.પીએચડી/આઅ/પીઆઈ/ ૪૨૯ તા.૩–૨–૧૧ ના પત્રની નકલ તથા તેના આરપીએડી કર્યા અંગેના પુરાવાની નકલ, નોંધ વિભાગ, સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ તરફથી તા.૭–૨–૧૧ ના રોજ અરજદારને પાઠવેલ પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે તા.૨૮–૨–૧૧ ના રોજ પાઠવેલ પત્રમાંજ અરજદારે આરોગ્ય અધિકારી ધ્વારા પ્રત્યક્ષ રૂબરૂ કલીનીકની તપાસ કરાવવાની તથા સુનાવણીમાં પુરાવા પ્રત્યુક્ષ રૂબરૂ રજૂઆત કરીશુ તેવું જણાવેલ. પરંતુ પુરાવા રજુ કરેલ નથી. આમ અરજદારે આરોગ્ય અધિકારી ધ્વારા કલીનીકની તપાસ કરાવવાનો આગ્રહ રાખી સુનાવણીની રજૂઆત કરેલ છે અને સુનાવણીનો આગ્રહ રાખેલ છે.

અરજદારની તા.૨૧–૧–૧૧ ની અરજીથી અરજદારે ૧૨/૨૬૬૭ ડો. અશોક ગજ્જર અને જીજ્ઞેશ ગજ્જરના ડોકટરના શૈક્ષણિક સર્ટીફીકેટ અને કહેવાતા દર્દીને ઈન્જેકશન આપવાથી ગેગરીન થયેલ જે અંગે લોખાત હોસ્પિટલમાં દાખલ થયેલ તેની ખર્ચની વિગતોની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી આરોગ્ય સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. જે પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૫૦૧ તા.૨૪–૧–૧૧ થી સેન્ટ્રલઝોન તરફથી આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ.તેમજ સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૬૧૦ તા.૯–૨–૧૧ થી પણ અરજદારને અરજી તબદીલી અંગેની પુનઃ જાણ કરવામાં આવેલ છે.જેના અનુસંધાને આરોગ્ય અધિકારી તરફથી મુદ્દા નં.૧ અંગે પત્ર નંજાવક/પીએચડી/આઅ/પીઆઈ/૪૨૯ તા.૩–૨–૧૧ થી અરજદારને ડોકટરોના શૈક્ષણિક સર્ટીફીકેટની માહિતી સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે રાખવાની હોતી નથી તેથી માહિતી આરોગ્ય વિભાગમાં ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. પરંતુ તે માહિતી જ સત્તા મંડળના કાર્યો સાથે બાબત નિકટતાથી સંકળાયેલ હોઈ તે લાગત સત્તા મંડળને આરટીઆઈ એકટની કલમ–૬(૩) મુજબ તબદીલ કરવાની રહે. જે પ્રસ્તુત કિસ્સામાં થયેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ આરટીઆઈ કાયદાની કલમ–૬(૩) સાથે સુસંગત નથી. જયારે મુદ્દા નં.૨ અંગે પત્ર નં.જાવક /પીઅચેડી/આઅ/પીઆઈ/૪૨૮ તા.૩–૨–૧૧ થી મેડીકલ સુપ્રિ. લોખાત સાર્વજનિક હોસ્પિટલ રામપુરા, સુરતને તબદીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૧–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં. (૧) નોંધ નં.૧૨/૨૬૬૭ વાંકી બોરડીની સામેની ગલીમાં ડો.અશોક આર.ગજ્જર અને ડો. જીજ્ઞેશ આર.ગજ્જર ફીઝીશ્યન અને સર્જનનું બોર્ડ લગાવીને ડોકટર તરીકેની કલીનીક ખોલી દર્દીઓની સારવાર કરે છે જેથી આ બંને ડોકટરોના મેડીકલ અને ફીઝીશ્યન , સર્જનની માહિતી અને સર્ટીફીકેટની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી

તરફથી પત્ર નં.જાવક પીએચડી/આઅ/પીઆઈ/૪૨૯ તા.૩–૨–૧૧ થી " ડોકટરોના શૈક્ષણિક સર્ટીફીકેટની માહિતી આરોગ્ય વિભાગ પાસે રાખવાની હોતી નથી જેથી માહિતી આરોગ્ય વિભાગ ખાતે ઉપલબ્ધ નથી. " તેવી માહિતી અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે અને જે મળ્યા અંગેનો અરજદારને અપીલમાં સ્વીકારેલ કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં સેન્ટ્રલઝોનના જાહેર માહિતી અધિકારીના તા.૯–૨–૧૧ ના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૬૧૦ થી ઉલ્લેખ કરીને અરજદારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનએ આરોગ્ય અધિકારીને ટ્રાન્સફર કરી પોતાની જવાબદારીમાંથી છટકી ગયેલ છે.અને અરજદારને માહિતી પણ પાઠવેલ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે આરટીઆઈ એકટની કલમ–૬(૩) મુજબ કાર્યક્ષેત્ર ધરાવતા જાહેર માહિતી અધિકારીને દિન–૫ માં અરજી તબદીલ કરવાની રહે છે જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારની જાણ હેઠળ લાગત જાહેર માહિતી અધિકારી આરોગ્યને નિયત સમય અવધિમાં તબદીલ કરેલ છે.વધુમાં તે અંગે સી.ઝેડ/આરટીઆઈ/૧૬૧૦ તા.૯–૨–૧૧ થી અરજદારને તબદીલ કર્યા અંગેનું પુનઃ જણાવવામાં આવેલ છે. વધુમાં અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી આપેલ જવાબમાં ડોકટરોના સર્ટીફીકેટની માહિતી રાખતા ન હોવાનું જણાવી હાથ ઉંચા કરી દીધેલ છે અને બેજવાબદારી અને બેદરકારી ભરેલ જવાબ પાઠવેલ છે તેવી રજૂઆત કરેલ છે. દવાખાના કલીનીક ચલાવતા હોય તેઓની માહિતી શું આપની કચેરીએ રાખવામાં આવેલ છે તેવો પ્રશ્ન અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો ઉપસ્થિત કરેલ છે. તથા અરજદારે પ્રથમ અપીલમાં ફરીયાદ કરીએ છીએ તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે પૂરક વિગતોમાં ડોકટરોના મેડીકલ ફીઝીશ્યન અને સર્જરીના શૈક્ષણિક સર્ટીફીકેટની માંગેલ નકલ આરોગ્ય વિભાગમાં હોતી નથી જેથી તે અંગેની માહિતી ઉપલબ્ધ ન હોઈ તેવા પ્રમાણપત્રની નકલ આપવાનો અરજદારે અપીલમાં જણાવેલ પ્રશ્ન અસ્થાને છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૨) આ ડોકટરો ધ્વારા એક દર્દીને ઈન્જેકશન આપવાથી ગેગરીન થઈ ગયેલ અને તે દર્દીને લોખાત હોસ્પિટલ રામપુરામાં સારવાર આજ ડોકટર ધ્વારા તેમના ખર્ચથી કરવામાં આવેલ છે જે અંગેની માહિતીની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક /પીઅચેડી/આઅ/પીઆઈ/૪૨૮ તા.૩–૨–૧૧ થી મેડીકલ સુપ્રિ. શ્રી લોખાત સાર્વજનિક હોસ્પિટલ, રામપુરા, સુરતને મુદ્દા નં.૨ અંગે તબદીલ કરવામાં આવેલ. જે બાબતે લોખાત હોસ્પિટલ તરફથી અરજદારને તા. ૭–૨–૧૧ ના રોજ પત્ર પાઠવી મુદ્દા નં.૨ અંગે ડો. અશોક આર. ગજ્જર અને ડો. જિજ્ઞેશ એ. ગજ્જર રહેવાસી નોંધ નં.૧૨/૨૬૭૭, વાંઘી બોરડી સામેની ગલીમાં સુરતના બે ફીઝીશ્યનો ધ્વારા દર્દીને સારવાર આપેલ તેમને ગેગરીન થવાથી સાર્વજીનક મેડીકલ ટ્રસ્ટ સંચાલિત લોખાત મુલ્લા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલ છે તેમ તમોએ જણાવેલ છે. તે સંબંધમાં "તમો ઉપરોકત દર્દીનું નામ, સરનામું અને કયા સમય દરમ્યાન સાર્વજનિક લોખાત હોસ્પિટલમાં સારવાર અપાયેલ છે તેની વિગતો જણાવશો તો સાર્વજનિક લોખાત હોસ્પિટલમાં યોગ્ય તપાસ કરી તમોને જવાબ આપી શકાય તેવું જણાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે પૂરક વિગતોમાં મુદ્દા નં.૨ સંદર્ભે પણ અરજદારને લાગત હોસ્પિટલ તરફથી જવાબ કરેલ છે. આથી તેમની નારાજગી અસ્થાને છે અને તેથી તે મુદ્દો પણ ગ્રાહય રાખવા જોગ નથી તેવી રજૂઆત કરેલ છે.

આમ અરજદારને મુદ્દા નં.૨ અંગે લોખાત સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેથી તે અંગે તકરારને સ્થાન નથી પરંતુ મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી ડોકટરી પ્રમાણપત્ર ધરાવતી ઓથોરીટી કે નોંધણી કરતા સક્ષમ સત્તા મંડળને અરજી મુદ્દા નં.૧ અંગે તબદીલ કરવી રહે તે થયેલ નથી તે મુદ્દો વિવાદિત છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અંગે માહિતીનું વિષય વસ્તુ જે જાહેર સત્તા મંડળના કાર્યક્ષેત્ર સાથે વધુ નિકટતાથી સંકળાયેલ હોય તેમને દિન–૫ ની અવધિમાં અરજદારને અત્રેની જાણ હેઠળ તબદીલ કરવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ કંટારીયા,